# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નિગમનાં લટકતાં ગાજર પાછળ દોડે છે,
બોર્ડની આશામાં બિચારા કાર્યકરોને તોડે છે
ચોડે છે કોણીએ ગોળ, સૌને-સત્તાધીશો વર્ષોથી -
કેટલાક તો થાકી-હારીને પક્ષ પણ છોડે છે..
(બિચારા સેવાભાવી કાર્યકરો...)

## હાઇકુ

રટે ન 'રામ'
- તો નીમી દો અધ્યક્ષ!
પૂરો પાંજરે..
(શ્રી ગણેશાય નમ:)

ડ્રામા દંભનો -
આ અભિયાન છે કે -
ગેલ-સફાઇ?!
(ટીવી-કેમેરા સામે અભિનય)

## ચિંતન

**વિદ્યા શસ્ત્રં ચ શાસ્ત્રં ચ દ્વે વિદ્ય પ્રતિપત્તયે । આદ્યા હાસ્યાય વૃદ્ધત્વે દ્વિતીયા દ્વિયતે સદા ॥**

આ શ્લોકમાં વિદ્યાનું મહત્ત્વ દર્શાવ્યું છે :

શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રવિદ્યા આ બંને વિદ્યા પ્રાપ્ત કરવી જીવનમાં અગત્ય અને મહત્ત્વની જ છે પરંતુ પ્રથમની શસ્ત્રવિદ્યા જયાં સુધી શારીરિક શક્તિ હોય ત્યાં સુધી જ તેની કારગતતા દર્શાવી શકે છે પરંતુ વૃદ્ધાવસ્થા જયારે શરીર અશક્ત થઇ ગયું હોય ત્યારે પણ શસ્ત્ર ઉપાડવું એ હાસ્યાસ્પદ બને છે; અને પ્રયોજકને પણ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકી દે છે, પરંતુ -

બીજી શાસ્ત્ર વિદ્યા, વૃદ્ધત્વમાં પણ માન-સન્માન અને આદર અપાવનારી થાય છે. અર્થાત્ વિદ્યાવાન-પંડિત સદાય સન્માન પ્રાપ્ત કરી શકે છે.

અર્થાત કોઇ પણ વિદ્યા કરતાં શાસ્ત્રવિદ્યાની જાણકારી, વિદ્વતા, પંડિતાઇ શ્રેષ્ઠ છે.

## સુવિચાર

- સુખની આખી અનુક્રમણિકા, અંદર દુ:ખનાં પ્રકરણ...
  તમે જીંદગી વાંચી છે, વાંચો તો પડશે સમજણ... **- અવિનાસ વ્યાસ**
- ભીતરમાં ઝળહળતા સૂર્યની હૂંફ માત્ર તે માણસને જ નહીં, પણ તેના સંપર્કમાં આવતા તમામને હૂંફ આપે છે **- ટી.એસ. ઇલીયટ**
- સુખ બીજું કશું જ નથી, પરંતુ સારૂં સ્વાસ્થ્ય અને વિસ્મૃતિનું વરદાન છે **- આલ્બર્ટ શ્વાઇત્ઝર**
- આપણા પગની નીચે જ સોનાની ખાણ છે.. અને આપણા હાથમાં ભિક્ષાપાત્ર છે તેવી આજના માનવીની દશા છે **- ઝેનકથન**
- સુખ એટલે અનુકૂળ પરિસ્થિતિ પ્રત્યે શરીર મનનો સ્વીકારાત્મક પ્રતિભાવ, દુ:ખ એટલે પ્રતિકૂળ પરિસ્થિતિ પ્રત્યે શરીર મનનો ઇન્કારાત્મક પ્રતિભાવ **- એસ. ભટ્ટાચાર્ય**
- જગતનો મહાન દાન આપનાર કંજૂસ માણસ છે... જે પોતાનું ધન બીજા માટે મૂકી જાય છે **- સચ્ચિદાનંદ**
- શાસ્ત્રો એ શિવને વિશ્વાસ અને પાર્વતીને શ્રદ્ધા માન્યા છે, દાંપત્ય જીવનમાં શિવ-પાર્વતી જેવો જ પ્રેમ રાખવો જોઇએ **- ધૂમકેતુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર હાજરજવાબીપણું અને સમયસૂચકતાના બુદ્ધિપ્રભાવથી જીવ બચી જતો હોય છે એટલે ચિંતા કે આઘાતમાં ડૂબી જવા કરતાં તરત જ બચવાનો ઉપાય વિચારવો.

રાજા ક્રોધી સ્વભાવનો હતો. તેમાંય જમતી વખતે તો તેનો ક્રોધ વઘારની જેમ તતડાટી બોલાવે - જો મીઠું વધારે હોય કે ભૂલાઇ ગયું હોય, બટાટા-ભાત કાચા હોય રોટલી દડો ન થઇ હોય તો રસોઇયા ને હંટરની ફટકાર મળતી. આથી કોઇ રાજાની રસોઇ કરવા તૈયાર થતું નહીં.

એક ચતુર મળી આવ્યો. રાજાની રસોઇ પણ કરતો અને પ્રેમથી જમાડતો. રાજા પણ જાણે એના આવ્યા પછી ક્રોધ કરવાનું ભૂલી જ ગયો.

એક દિવસ એ રાજાને દાળ ભાવી એટલે બીજીવાર વાટકીમાં લઇ આપવા જતો હતો. અને ત્યાં જ રસોઇયાને છીંક આવી. હાથમાંથી દાળની વાટકી છટકી - ને પડી નીચે. રાજાના જામા પર બે-ત્રણ છાંટા પડ્યા. બસ, પછી પૂછવું જ શું? રાજાએ પાસે ઊભેલા સૈનિકોને કહ્યું, આ નાલાયકને લઇ જાવ અને આજે સાંજે જ ફાંસી આપી દો!

બધાને થયું કે આટલી નાની ભૂલ માટે કંઇ ફાંસી અપાય? પણ રાજાને કોણ કહે?! ત્યાં રસોઇયાએ રાજાની જમવાની દાળની વાટકી આખી રાજાના વરખવાળા જામા પર ઢોળી રાજા ઊભો થઇ ગયો. તલવાર કાઢી - પણ રસોયાને આવું કરવા માટે કારણ પુછ્યું.

રસોયો કહે મારી નાની ભૂલ માટે આપે ફાંસી આપી દીધી એવું કોઇ આપને ન કહે, એટલે હવે તમે કહેજો કે મેં ઇરાદાપૂર્વક દાળ ઢોળી હતી તેથી જ ફાંસી આપી. આપની કીર્તિને ઝાંખપ નહીં લાગે...! રાજા રસોયાને ભેટી પડ્યો અને સજા માફ કરી દીધી.


Email - sureshchandrabhatt18@gmail.com

# સ્વાતિ નક્ષત્રમાં હેલી તો થાય પણ છીપમાં જળબિંદુ મોતી રૂપે મળે તેવી અપેક્ષા જગવતી કાવ્ય રચનાઓ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજકાલ યુવાવર્ગમાં વોટ્સઅપ અને ફેસબુક પર જે રીતે કાવ્યપંક્તિઓ આવવા લાગી છે તે જોતાં કયારેક એવું લાગે છે કે સહેજ વરસાદ પડતાં જ ચારે બાજુ ઘાસ ઊગી નીકળતાં હરિયાળી તો છવાઇ જાય છે. તે આંખને ઠારે છે પણ ખરી પણ તેનું આયુષ્ય કેટલું? એ જ રીતે જયારે દિવાળી જેવા તહેવારો નજીક આવતા હોય ત્યારે તમે જોયું હશે કે આર્ટીફિશીયલ ફૂલો વેચવાવાળા પુષ્કળ પ્રમાણમાં નીકળી પડે છે. દુકાનોમાં પણ રંગબેરંગી આકર્ષક ફૂલોના ગુલદસ્તા જોઇ લઇ લેવાનું મન થઇ જાય. પણ એ આકર્ષક પુષ્પોમાં સુવાસ હોતી નથી. વાકછટા અને વસ્ત્રપરિધાનની સ્ટાઇળથી નેતાઓ અને અભિનેતાઓ વર્ષોથી સૌને આકર્ષતા રહ્યા છે. પણ તેમનાં કરતુતો જયારે સામે આવે છે ત્યારે તેનો સાચો પરિચય થાય છે. મેં એક જગ્યાએ વાંચેલું કે રસ્તા પરથી કોઇ સુંદર સ્ત્રી પસાર થઇ રહી હોય ત્યારે તેનાં વસ્ત્ર પરિધાન, લાંબા વાળ, રૂપ કે લટકતી ચાલ જોઇને તેના ચારિત્ર્યનો ખ્યાલ આવી શકતો નથી. એવું જ કંઇક સાહિત્ય અને ખાસ કરીને કવિતામાં પણ બનતું જોઇ શકાય છે. રૂપકડાં સુંદર મુખપૃષ્ઠ અને સ્વચ્છ સુંદર છફાઇને કારણે આકર્ષક લાગતાં કાવ્યના પુસ્તકમાં ઉંડે ઊતરીએ ત્યારે જ ખબર પડે છે કે તેમાં દેખાતા મોતી સાચાં છે કે ફટકીયાં. તે માટે છેવટે તો એમ જ કહેવું પડે કે નીવડ્યે વખાણ.




આજે મારે તમને એક એવા પુસ્તકની વાત કરવી છે. જેમાં કાવ્ય, ગીત અને ગઝલનો દરિયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વળી તેના મુખપૃષ્ઠ પર પણ છીપમાં મોતી દર્શાવવામાં આવ્યું છે. નવોદિત કવયત્રિ સ્વાતિ મહેતાનો આ કાવ્ય સંગ્રહ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. જેમાં પ્રથમ કાવ્ય સંપુટમાં ૨૧ રચનાઓ છે. તો બીજા ગીત સંપુટમાં આપણને ૫૯ રચનાઓ મળે છે. જયારે ગઝલ સંપુટમાં ૪૧ રચનાઓ મળે છે. અનુક્રમણિકામાં સંપુટ તરીકે વર્ણવેલ ત્રણે ભાગોની રચનાઓને અંદર વિભાગ તરીકે ઓળખવવામાં આવી છે. કાવ્યો રચનાઓનો વિષય જોતાં કવયત્રિને ઇશ્વર પ્રત્યે અપાર શ્રદ્ધાનાં દર્શન થાય છે. કયાંક જિંદગીની નિરાશાની વાત ભલે આવતી હોય પણ તેમાં સ્મિત વેરીને પરિશ્રમનાં બેલી બની માનવી કઇ રીતે આગળ વધી શકે છે. તેની વાત જોઇ શકાય છે. કાવ્યોમાં લય અને ગેયતા કયાંક તૂટતાં હોવા છતાં મહદ્અંશે જળવાતાં દેખાય છે. જેમ કે -

મુજ ઉરમાં દરિયો વહે
એટલે'સ્તો મૂક્યું એમાં શબ્દોનું વહાણ
હું જ ખલાસી... ને શઢ મારું શબ્દો,
આવતી જતી રહે હૈયે ભરતી-ઓટો.

કવયત્રિ આશા, ઉમંગો અને તરંગોથી છલકતાં સંવેદનો દ્વારા કેવા પ્રસંગને ઝંખે છે તે જોઇએ તો કહે છે કે -

જલદી આવે એવો અવસર રૂડો,
... કે ખુશીઓનો ગીતો હું ગઉં,
રજે રજમાં ઊર્મિ એવી વહે ખળખળ
.... કે આમે આખી વસંત થઇ હું જઉં

દરેક કવિ મુખ્ય ત્રણ વિષયો અંગે કાવ્ય રચનાઓ કરતા હોય છે. તેમાં પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ અહીં પણ કવયત્રિએ આજ વિષયોને લઇને કાવ્ય રચનાઓ કરેલી જોઇ શકાય છે. ગીત સંપુટમાં પંખી, વાસંતીફૂલ, શરમાતી લજામણી જેવા પ્રકૃતિ કાવ્યોની સાથે સાથે મુગ્ધાને યૌવન બેઠું, પિયું, શમણાની પ્યાલી, સજન તમે આવો તો અને ભીનાં ભીનાં શમણાં જેવી પ્રેમની અભિવ્યક્તિ મળે છે. તેમાં કયાંક કવયત્રિ એમ પણ કહે છે કે બેકદર તમે નીકળ્યાં, 'છતાં' હજુ થવો પ્યાર બાકી છે તો વળી એ પ્રેમ દુન્યવી પ્રેમથી દિવ્ય પ્રેમ તરફથી ગતિ કરતો પણ આપણે ઘણી રચનાઓમાં જોઇ અનુભવી શકીએ છીએ. જેમ કે -

હે પ્રિયવર! તું જ મને સંભાળ,
હે પ્રિયવર! તું જ સૌનો પાલનહાર,
માયાને કાયા છોડાવી પ્રિયવર બોલાવ,
કે પછી પ્રિયવર તું જ લેવા આવ.

તે પછી આવતી ગઝલ પ્રકારની રચનાઓ ગઝલ હોવાનો ભ્રમ જરૂર ઊભો કરે છે પણ તેમાં અરૂઝ કે રદીફ કાફીયાની સમજ ઘડાય અને ભવિષ્યમાં સુંદર ગઝલ રચનાઓ મળે તેવી આશા જરૂરથી રાખી શકાય. બાકી થોડાક શેર અહીં મુકી આપું છું તે વાંચીને ભાવક પોતે જ નક્કી કરી શકે કે તેમાં કેટલું કૌવત છે. જેમ કે -

- મેં તો નખશિખ તને ચાહ્યો હતો.
પણ તું જ પાનખર મૂકી ચાલ્યો ગયો હતો.
- પાનખરની જેમ તું આમ દૂર રહે છે.
છતાંય હું વસંતની જેમ ખીલતી રહું છું.
- આ જમાનો આખોય કળીઓ ભલે ચૂંટી જશે,
છતાંય જોજે કાલે નવી કૂંપળો ફૂટી જશે.
- સજન લાગણીએ જરાક લપસો
તો પ્રેમ શું છે તમને સમજાય આ,
સજન અહ્મને જરાક ઓગાળો,
તો કોરા કેનવાસે, રંગ પુરાય આ.

'દરિયો' કાવ્ય સંગ્રહ આપનાર કવયત્રિ સ્વાતિ મહેતાના આ વિવિધલક્ષી કાવ્ય્ પ્રકારોની રચનાઓમાંથી પસાર થતાં તેમની ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને નિરાશામાં છુપાયેલી અમર આશા સાથે પ્રકૃતિ પ્રત્યેની સંવેદનાને ભાવક અનુભવી શકે તેમ છે. તેમ છતાં એવું કહેવાય છે કે વરસાદની હેલી થતી હોય તેમાં અમુક ચોક્કસ એટલે કે સ્વાતિ નક્ષત્રમાં છીપમાં જળબિંદુ પડે તો તે મોતી બની જતાં હોય છે. સ્વાતિ મહેતાએ પણ અહીં કાવ્યોની હેલીમાં હૃદયનાં છીપમાં સંવેદનાનાં જે જળબિંદુ ઝીલ્યા છે તે મોતી બની રહે તેવી શુભેચ્છા સહ તેમના આ સંગ્રહને આવકારું છું.

દરિયો (કાવ્ય, ગીત અને ગઝલનો)
કવયત્રિ - સ્વામિ મહેતા 'હેલી'
પ્રકાશક - ગૂર્જર સાહિત્ય પ્રકાશન
૧૩, શિવરંજની સોસાયટી, શિવરંજની ઓવરબ્રીજના છેડે
અશ્વમેઘ બંગ્લોઝ-૪ના બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૧૫
સંપર્ક સૂત્ર - (૦૭૯) ૨૬૭૬૧૩૬૬
પૃષ્ઠ, ૧૨૪, કિંમત રૂા. ૧૩૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

# દત્તક દીકરીને પોતાની સગી દીકરી બનાવવા શબનમ હાશમીને સત્તર વર્ષ સુધી કોર્ટના ધક્કા ખાવા પડ્યા

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

**(ગતાંકથી આગળ...)**


અને પતિ ગોહર રજા પણ શબનમ હાશમીની બનતી મદદ કરતા.

લગ્નના થોડા સમયમાં શબનમ હાશમીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો જેનું નામ સાહિર રાખવામાં આવ્યું. સાહિર, જયારે નવ વરસનો હશે ત્યારે શબનમ અને ગૌહરને થયું એક પુત્રી તો હોવી જ જોઇએ. પણ આ પુત્રી હોવી જોઇએ તેના માટે એક નવો જ વિચાર તેમણે કર્યો.

ગૌહર અને શબનમ બીજા એક સંતાનને જન્મ આપી શક્યા સક્ષમ હતા પણ તેઓ સમાજ સેવક અને સમાજ સુધારક પણ હતા. એટલે તેમણે દીકરીને જન્મ આપવાને બદલે દીકરીને દત્તક લેવાનો ઉમદા વિચાર કર્યો. અને આ માટે તેમણે દત્તક આપનારી સંસ્થાઓનો સંપર્ક શરૂ કર્યો.

દીકરીને દત્તક લઇ ઉછેરવાના શબનમના ઉમદા સપનાને, જડ નિયમોને વળગી રહેલી સંસ્થાઓએ ચકનાચૂર કરી નાંખ્યા, દિલ્હીની લગભગ બધી સંસ્થાએ શબનમ હાશમીને દીકરી દત્તક દેવાની સ્પષ્ટ ના પાડી દીધી... કારણ શું જાણઓ છો...? કે કેમ કે શબનમ હાશમી અલ્પસંખ્ય એટલે કે મુસ્લિમ કન્યા હતી!

દરેક સંસ્થામાં એવો નિયમ હતો કે આવી કોઇ પણ સંસ્થા અલ્પ સંખ્યક જ્ઞાતિના પરિવારને સંતાનો દત્તક નહોતી આપતી. સંસ્થાઓના આવા જડ નિર્ણયથી શબનમનો નિમાગ ઉકળી ઊઠ્યો. આ તે કેવો નિયમ! ભારતમાં રહેતા અન્ય જ્ઞાતિના લોકો જો સંતાનો દત્તક લઇ શકતા હોય તો ભારતના મુસ્લિમો કે બીજા અલ્પ સંખ્યકો કેમ નહીં?



શબનમ સમાજ સુધારક તો હતી જ. તેનાથી આ સહન ન થયું, તેને મનોમન નક્કી કર્યું કે આ નિયમ અંગે કોઇ ફેંસલો લાવવો પડશે પણ તે પહેલાં તેને એક દીકરી દત્તક જોઇતી હતી અને એક સંસ્થાએ તેને દીકરી દત્તક આપવાની મંજૂરી આપી પણ એ શરત સાથે.

શબનમ માટે શરત ઝાટકા સમાન હતી પણ તેણે તે શરત માન્ય રાખી. એક છ માસની માસૂસ દીકરી દત્તક લીધી. જેનું નામ તેમણે 'સહર' રાખ્યું. સંસ્થાની જે શરત હતી તે એ હતી કે,'તેઓ આ પુત્રીના મા-બાપ નહીં ગણાય પણ 'ગાર્ડિયન' (પાલનહાર) ગણાશે પણ તે પણ પુત્રી ૨૧ વરસની થાય ત્યાં સુધી જ. ત્યારબાદ પુત્રીના કસ્ટડી ફરીવાર તે સંસ્થાની થઇ જશે!'

શબનમે આ આકરી શરત સાથે 'સહર'ને સ્વીકારી લીધી પણ સમાજના આવા બેહૂદા નિયમને ઠેકાણે લાવવા મનોમન નિર્ધાર કરી લીધો. તેણે આ સંસોધન શરૂ કરી દીધું. તે ઘણાં સાંસદોને પણ આ મુદ્દો લોકસભામાં ઉઠાવતા જણાવ્યું પણ તેમાં તે ફાવી નહીં.

તેણે લોકોમાં જાગૃતતા લાવવા જણાવ્યું કે દત્તક લેનાર માબાપના તથા દત્તક બનનાર સંતાન દરેકને સરખા હક્ક મળવા જોઇએ. તેનાં નાત-જાત કે ઉચ્ચનીચની દિવાલ ન હોવી જોઇએ અને સમાજને આ સમજાવવા ૨૦૦૫ શબનમ હાશમીએ આ જડ નિયમને ચેલેન્જ કરવા સંસ્થાઓ સામે જનહિત યાચિકા દાખલ કરી.

તેણે આ યાચિકામાં કોર્ટને લખી જણાવ્યું કે દત્તક લેવાયેલું સંતાન જયારે દત્તક લેનાર માબાપ પાસે જાય છે ત્યારે તેના ભરણપોષણ અને તેના સારા જીવનની જવાબદારી તે માતાપિતાની છે તો સાચા અર્થમાં તે દત્તક સંતાનના સાચા માબાપ જ ગણાય અને જેમાં મુસ્લિમ સંતાનોને જો દત્તક લઇ શકાતું હોય કો પછી બીજા અન્ય ત્રાતિના જેમ કે મુસ્લિમ, ઇસાઇ, પારસી વગેરે માબાપ હિન્દુ સંતાનને દત્તક કેમ ન લઇ શકે?

એક જ દેશમાં આ રીતના બે કાનૂન કેમ ચાલી શકે? દરેક ધર્મના માબાપ અને સંતાનો માટે એક જ કાયદો હોવો જોઇએ. ધર્મના પોતાના કાયદાઓ અલગ અલગ હોઇ શકે પણ દેશનો કાયદો તો એક જ હોવો જોઇએ અને તેને જ 'લોકશાહી' દેશ કહેવાય.

શબનમે દત્તક દીકરીની જેહાદ ઉપાડી. કોર્ટમાં તો કેસ ચાલતો જ હતો તેણે સમાજને ઢંઢોળવાનું ચાલું કર્યું. તેના આ પગલાથી બીજા સંતાન-વાછૂ માતાપિતાની પણ આશા જાગી તેઓ પણ શબનમ હાશમીના આ પગલાને સપોર્ટ કરવા લાગ્યા.

દત્તક દીકરીને પોતાની સગી દીકરી બનાવવા શબનમ હાશમીને સત્તર વર્ષ સુધી કોર્ટના ધક્કા ખાવા પડ્યા અને સત્તર વર્ષમાં તેણે દીકરી સહરને ભણાવી ગણાવી હોંશિયાર બનાવી દીધી. હાલમાં ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ પી. સથશિવમ્ જસ્ટિસ રંજન ગોગોઇ અને જસ્ટિસ શિવ કીર્તિસંહની બેંચે ઐતિહાસિક ચુકાદો આપતા જણાવ્યું કે 'સહરને તે તમામ અધિકાર મળવા જોઇએ કે જે એક માતાની કૂખે જન્મેલા બાળકને મળતા હોય છે એટલે કે શબનમ હાશમી અને ગૌહર રજા કાનૂની રૂપે દત્તક દીકરી સહરાના માબાપ જ ગણાય.'

શબનમ હાશમી સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી ખુશ છે. તેનું કહેવું છે કે, 'આ ચુકાદાથી એના માતાપિતાને હવે આઝાદી મળશે કે જેમના માટે ધર્મ આડખીલીરૂપ બનતો હતો. અને આ શરૂઆત છે હજુ સંતાન દત્તક લેવાની કાનૂની પ્રક્રિયાના ઘણાં સંશોધન કરવાની લડાઇ તો હજુ બાકી છે.'

# પ્રભુના નામની પારસમણિ

જૂના કાળમાં બ્રાહ્મણો, વિદ્વાનો, શ્રમણો-માંગવું એટલે મરણ સમજતા. તે કાળમાં ત્યાગીઓનું કામ હતું સેવા કરવાનું અને રાગીઓનું સંસારીઓનું કામ હતું. તેમની સેવા કરવાનું. પરંતુ આજે પરિસ્થિતિ બદલાઇ છે. સાધુઓ માંગતા ફરે છે અને શ્રીમંતો સમજતા થયા છે કે પૈસાથી તો કંઇ પણ ખરીદી શકાય છે. ત્યાગીઓ - સાધુઓ પણ ખરીદી શકાય છે. પરંતુ તેમના ધ્યાનમાં એ નથી આવતું કે જે ખરીદી શકાય છે તે ત્યાગી નથી, દંભી છે.

તે કાળમાં કણાદની મહાવિદ્વાન તરીકે ખ્યાતિ હતી અને આવા વિદ્વાનોની સારસંભાળ રાખવી તે રાજાનું કામ ગણાતું. આથી રાજાએ સોનામહોર ભરેલો થાળ કણાદ પાસે ધર્યો. પરંતુ કણાદ તો પોતાના સર્જનમાં મસ્ત હતા અને એ વાત પણ સાચી છે કે માણસ પોતાના કાર્યમાં પોતાની જાતને ખપાવી ન દે, તો કાર્યનો આનંદ માણી શકતો નથી. કાર્ય તેના માટે બોજારૂપ બની જાય છે. કાર્ય કરવાનો તેને થાક લાગે છે. તો કણાદ તો તેમની સર્જનની મસ્તીમાં ખોવાયા હતા. પરંતુ રાજાએ કણાદને તેમની મસ્તીમાંથી જાગ્રત કર્યા. અને કણાદને રાજાએ સોનામહોરનો થાળ ધર્યો. કણાદે સોનામહોરોનો ધરાવેલો થાળ પાછો ઠેલ્યો. કણાદ તો સંતોષના સ્વામી હતા.

રાજાને થયું કણાદને સોનામહોરનો થાળ જોઇ સંતોષ થયો લાગતો નથી. તેથી રાજાએ કણાદની સાથે રત્નોનો થાળ ધર્યો. કણાદ માટે એ ઝળહળતા રત્નો તો ચમકતા કાંકરા જેવા હતા. કારણ કે તેની પાસે તો તેમની અંદર રહેલા આત્મતત્ત્વનું હીર ચમકતું હતું.

રાજા તો દુન્યવી સુખ વૈભવમાં આળોટતો હતો. તેથી કણાદની મહાનતા અને તેમના અંદરના વૈભવને પારખી શક્યો ન હતો. બીજાના અંદરના વૈભવને પારખવા પોતાને પણ એવા વૈભવની સમજ હોવી જોઇએને?

રાજા મનમાં વિચારતો થયો કે આજ સુધી એણે જેને પણ સુવર્ણમુદ્રાનો થાળ ધર્યો છે તેણે કોઇએ કદી તે પાછો ઠેલ્યો નથી. અને આ વિદ્વાન તો રત્નોનો થાળ પણ પાછો ઠેલે છે! જરૂર એની પાસે રત્નોથી પણ અતિ મૂલ્યવાન કશું હોવું જોઇએ. તેની પાસે જરૂર કોઇ સિદ્ધિ હોવી જોઇએ!

અને સાચું જ છે ને કે માણસો પોતાની કૂદકી પ્રમાણે જ બીજાનું માપ કાઢે ને! તેથી એક રાત્રે રાજા વેશપલટો કરીને કણાદના ત્યાં ગયો. કણાદ સૂતા હતા તે જાગી ગયા. રાજાને તો કણાદ પાસેથી પેલી સિદ્ધિ મેળવવી હતી તેથી તેણે કણાદના પગની ચંપી કરવા માંડી - ગરજવાનને કાંઇ થોડી જ અક્કલ હોય છે? જે રાજાની પગચંપી માટે ખડેપગે ચાકરો ઊભા રહેતા - તે રાજા કણાદની પગચંપી કરવા બેસે!

કણાદ પથારીમાં સફાળા બેઠા થઇ ગયા. રાજાનો આ વેશ જોઇ કણાદને આશ્ચર્ય થયું. "મહારાજ, તમે આ વેશમાં! અને આ શું કરો છો? હું તો સામાન્ય માણસ છું."

રાજાએ કહ્યું, "તમારી પાસે સુવર્ણસિદ્ધિ છે. તે મને આપો." "મહારાજ! તમને એ કોણે કહ્યું?" "મને કોઇ શા માટે કહેવા આવે? પણ મેં જાતે તે અનુભવ્યું છે. જે વ્યક્તિ સુવર્ણમુદ્રા તથા રત્નજડિત થાળ પાછો ઠેલે તો તેની પાસે એથી વિશેષ પણ કાંઇ હોવું જ જોઇએ! તમારી પાસે કોઇ પારસમણિ જરૂર હોવો જોઇએ."

"મહારાજ! મારી પાસે કોઇ જ પારસમણિ નથી, પ્રભુનું નામ એ જ પારસ છે. આ જીવનરૂપી લોખંડને તે અડે તો કાયા પણ સોનાની થઇ જાય. રાજાને જ્ઞાન લાધ્યું કે સોનાની સિદ્ધિથી માણસને મુક્તિ મળતી નથી. માણસના મૃત્યુ સમયે સોનાની દિવાલ પણ મૃત્યુને અટકાવી શકતી નથી. જેને સંતોષનું આ સોનું મળી ગયું, એના જેવો ધનાઢ્ય જગમાં બીજો કોઇ નથી."